

ઉદ્યોગભવન સ્થિત જીઆઈડીસી ઓફિસના કર્મચારી નરેશ ચાવડા આપઘાત પ્રકરણમાં ન્યાયની માંગણી અર્થે મૃતકનાં પરિવારજનોએ ઉપવાસ આંદોલન છેડ્યું હતું. ત્રણ આરોપી અધિકારીઓની બદલી તથા સમગ્ર ઘટનાની તપાસ સી.બી.આઈ.ને સોંપવાની માંગણી કરતું આવેદનપત્ર જિલ્લા કલેક્ટરને સુપ્રત કરવામાં આવ્યું હતું.

# કલોલ રેલવે સ્ટેશન પર જ ગટરનું ઢાંકણું મારીને પ્રૌઢની હત્યા

## આસામના શખ્સે માનસિક સમતુલા ઘુમાવી દઈ રેલવેના ઈલેટ્રીક ખાતાના કર્મચારીને પતાવી દીધો : વચ્ચે પડનાર બે વ્યક્તિ પર પણ પથ્થરમારો કર્યો

ગાંધીનગર, તા. ૧૦

જિલ્લાના કલોલ રેલવે સ્ટેશન પર આવેલા આસામના એક યુવાને ગઈ રાત્રે રેલવેના ઈલેક્ટ્રીક ખાતાના જ એક કર્મચારી પર ગટરનું ઢાંકણું ફેંકી તેની હત્યા કરી નાંખતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે બે વ્યક્તિઓએ તે યુવાનોને ટોકતા તે બન્ને પર પણ પથ્થરમારો કરી ઘાયલ કર્યા હતા. ભાષાની અજ્ઞાનતા અને ઘરથી કંટાળીને કોઈ કારણ વગર માનસિક સમતુલા ગુમાવી હુમલો કર્યો હોવાનું રેલવે પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.



આસામનો વતની ૩૯ વર્ષીય સીતારામ લેતલોખન રાંભા આસામથી ગાંધીધામની રેલ ટીકીટ લઈને ગાંધીધામની એક લાટીમાં કામ કરવા આવી રહ્યો હતો. ઘરેથી પણ કંટાળી ગયેલો સીતારામ રેલવે સ્ટેશને ભુલો પડ્યો અને કલોલ આવી પહોંચ્યો હતો.

અંગ્રેજી કડકડાટ બોલતો આ યુવાન ગુજરાતી, હિન્દી બોલી કે સમજી ન શકતો હોવાથી કોઈને કાંઈ કહી શકતો ન હતો કે કોઈની વાત સમજી શકતો ન હતો. ખિસ્સા ખાલી થઈ ગયા હતા અને બે દિવસથી ભુખ્યો હતો. આટલી મુશ્કેલીઓમાં પણ ત્રણ-ચાર જગ્યાએ તેને લોકોએ પાગલ-પાગલ કહીને બોલાવતા અકળાઈ ઊઠ્યો હતો અને કલોલ રેલવે સ્ટેશને પાણીની પરબની બાજુમાં ગટરના ઢાંકણા ઉપર બેસી ગયો હતો. ત્યાં એક પ્રૌઢ કર્મચારી અભુજી ઠાકોરે તેને ઉભા થવાનું કહેતા ઉશ્કેરાઈ જઈને ગટરનું ઢાંકણું ઉપાડી તેના માથે મારી દઈ મોતને ઘાટ ઉતારી દીધો હતો.

માનસિક સમતુલા ગુમાવી ચુકેલા આ યુવાનને રોકવા ગયેલા બે જણાને પણ પથ્થરો માર્યા હતા. એક પોલીસ કોન્સ્ટેબલ મનુભાઈ તેને પકડવા ગયા તો તેને પણ મારવા પાછળ દોડ્યો અને મનુભાઈ દોડાવી દોડાવીને યુવાનને રોડ પર લઈ આવ્યા. રિક્ષા ચાલકોએ તેને પકડીને પોલીસને સોંપતા રેલવે પોલીસે તેની ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે. તેની ભાષા જાણીતા કર્મચારીની મદદથી પોલીસે પુછતાછ શરૂ કરી છે.

# સ્ટેટ બેંકની નવા સચિવાલય શાખા વિરૂદ્ધ શૈક્ષણિક લોન પેટે ખોટું વ્યાજ વસુલ્યાની ફરિયાદ

## બેંકની સીસ્ટમની ભૂલથી પહેલા ઓછા વ્યાજની કપાત કરી ત્યારબાદ ડીફોલ્ટર ગણી રૂપિયા એક લાખથી વધુ વ્યાજ માંગ્યું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરની સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની નવા સચિવાલય ખાતે આવેલી બ્રાંચ સામે શૈક્ષણિક લોનના વ્યાજ પેટે રૂપિયા એક લાખથી વધુનું ખોટુ વ્યાજ વસુલતા બેંકિંગ લોકપાલ સમક્ષ ફરિયાદ કરવામાં આવી છે. આ ફરિયાદમાં ગ્રાહકે તેના બચત ખાતામાંથી વ્યાજની રકમની કપાતમાં પણ ભૂલ હોવાનો વાંધો ઉઠાવેલ છે.

ગાંધીનગરના સેક્ટર-૪-એ ખાતે રહેતા કશ્યપ મહેતાએ વર્ષ ૨૦૦૮ દરમ્યાન તેમના પુત્ર તથાગતના જયપુર ખાતે બાયોટેકમાં બી.ટેકની ડીગ્રીના ચાર વર્ષના અભ્યાસક્રમ માટે રૂ. ૩,૭૭,૫૦૦ની લોન એસબીઆઈ બેંકની નવા સચિવાલય શાખામાંથી મેળવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર આ લોનના વ્યાજની રકમની પેટે બચત ખાતામાંથી કપાત કરવા ગ્રાહકે સંમતિ આપી હોવાથી બેંક દ્વારા માસિક કપાત કરવામાં આવી હતી. આ માસિક કપાતમાં બેંક દ્વારા વ્યાજપેટે ઓછી કપાત કરવામાં આવી હતી તેવું ફરિયાદીએ તેમની ફરિયાદમાં જણાવતા જણાવ્યું હતું કે અમોએ બેંકને પુરૂ વ્યાજ કપાત કરવાની સત્તા આપી હોવા છતાં બેંકે ઓછી રકમની કપાત કરી તેમાં તેમનો વાંક ના હોઈ બેંકે તેમને ખોટી રીતે ડીફોલ્ટર બનાવી રૂપિયા ૧,૦૮,૪૭૫ની રકમનું બાકી લેણું કાઢ્યું છે જે તેમને મંજૂર નથી. આ અંગે વારંવાર બેંકમાં લેખિત, ફોનથી અને ઈમેલથી રજૂઆતો કરવા અને રૂબરૂ મળવા છતાં સંતોષકારક ખુલાસો મળેલ ન હતો. બેંક અધિકારીઓ દ્વારા બેંકની સોફ્ટવેર સીસ્ટમ મજુબ વ્યાજ હોવાનું અને તેમાં ફેરફાર ના થઈ શકે તેવું જણાવી આ રકમ ભરવાનું જણાવતા ગ્રાહકે વાંધા સાથે ઉપરોક્ત રકમ ભરી દીધી હતી પરંતુ યોગ્ય પ્રત્યુત્તર ના મળતા બેંકીંગ લોકપાલમાં સ્ટેટ બેંકની નવા સચિવાલય શાખા વિરૂદ્ધ ફરિયાદ કરી હતી. લોનના હપ્તા ચાલુ થાય તે પહેલા જ સંપૂર્ણ લોન ભરપાઈ કરવા છતાં ગ્રાહક પાસેથી ખોટી રીતે ડીફોલ્ટર ગણી તેની ગ્રાહકને જાણ કર્યા વગર જ ઉપરોક્ત રકમનું બાકી લેણું કાઢવા અંગે ગ્રાહકે આ ફરિયાદ નોંધાવી હતી તેમજ સત્વરે આ ફરિયાદનો નિકાલ કરવા આશ્રમરોડ પર આવેલ રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની કચેરી ખાતે બેંકીંગ લોકપાલને મોકલી આપી હતી. તા. ૧૨ નવેમ્બરે કરાયેલી આ ફરિયાદને બેંકીંગ લોકપાલે નોંધીને તા. ૨૬મી નવેમ્બરે ગ્રાહકને પત્ર દ્વારા જાણ કરી હતી તેમજ તેની ન્યાયિક નિર્ણયની પ્રક્રિયા હાથ ધરી હતી.

# કડવા પાટીદાર સમાજ દ્વારા ઉમિયા માતા પ્રાણ પ્રતિષ્ઠા દશાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન

## સાત કરોડના ખર્ચે નવ નિર્મિત ઉમા સમાજ ભવનનું પણ ઉદ્‌ઘાટન કરાશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના સેક્ટર-૧૨ ખાતે આવેલ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તેમજ કડવા પાટીદાર સમાજ દ્વારા ઉમા સમાજભવનના ઉદ્‌ઘાટન તેમજ શ્રી ઉમિયા માતાજીના દશાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સંસ્થાનના ટ્રસ્ટી દાતાઓનો સન્માન સમારંભ પણ યોજવામાં આવનાર છે.

કડવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત આ કાર્યક્રમ તા. ૧૩મી અને ૧૪મી ડીસેમ્બરે સેક્ટર-૧૨ ખાતે રૂપિયા સાત કરોડના ખર્ચે નવ નિર્મિત ઉમા સમાજ ભવન ખાતે યોજવામાં આવેલ છે. આ સમગ્ર કાર્યક્રમ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની પ્રાણ પ્રતિષ્ઠા દશાબ્દી મહોત્સવના ભાગરૂપે યોજાનાર છે. તા. ૧૩મી ડીસેમ્બર શુક્રવારે સવારે ૯ વાગે સમાજભવનના વાસ્તુપૂજન સાથે આ મહોત્સવનો પ્રારંભ થશે તેમજ વિષ્ણુયાગ યજ્ઞ પણ કરવામાં આવશે. ત્યારબાદ સ્વાગત સમારંભમાં દંતાલી આશ્રમના પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદ મહારાજ અને સ્વામિનારાયણ કાળુપુરના પૂજ્ય તેજેન્દ્રપ્રસાદજી સહિત અનેક સંતો મહંતો અને ઉમા ભવનના દાતાઓ હાજરી આપશે. તા. ૧૪મી ડીસેમ્બર શનિવારે સવારે ૯.૩૦ વાગ્યાથી ટ્રસ્ટી દાતાઓના સન્માનનો કાર્યક્રમ શરૂ થશે જેમાં સેક્ટર-૨૩ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી પૂજ્ય હરિકેશવદાસજી તેમના આશિર્વાદ આપશે. આ દિવસે રાત્રે ૮ કલાકે ટ્રસ્ટીઓ અને તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન કાર્યક્રમની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરાયું છે.

આ ભવ્ય મહોત્સવમાં ગાંધીનગર, ઊંઝા, મહેસાણા, સાબરમતી અને સબડાસા-કચ્છના ધારાસભ્યો પણ હાજર રહેશે તેમજ વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ પણ હાજરી આપનાર છે. આ મહોત્સવમાં બન્ને દિવસે બે ટાઈમ ભોજન-પ્રસાદનું પણ વ્યવસ્થા કરવામાં આવી છે તેમજ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાવિક ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યું છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

રોપાઓને પાણી - વન વિભાગ દ્વારા તાજેતરમાં માર્ગોની બંને બાજુ આવેલી વન વિભાગના વિસ્તારમાં અને સેન્ટ્રલ વિસ્ટામાં છોડને પાણી આપવાની કામગીરી ચાલી રહી છે... એટલે જ ગાંધીનગર સૌંદર્યથી ખીલી ઉઠે છે.

# ડેપોમાં સફાઈ અભિયાન ભંગાર સ્પેરપાર્ટસ વર્કશોપમાં ખસેડાશે

## કચરાના નિકાલ, વૃક્ષોનું ટ્રીમીંગ તેમજ બગીચાની સફાઈ માટે ટીમ કામે લાગી

ગાંધીનગર, તા. ૧૦

શહેરના એસ.ટી. ડેપો સંકુલને સ્વચ્છ અને રળિયામણું બનાવવા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ડેપો સંકુલ તેમજ આસપાસ ખડકાયેલા કચરાના ઢગ દૂર કરવા સફાઈ કામદારોની ટીમ કામે લાગી છે. આ દરમિયાન ડેપોમાં ઢેર થયેલા નકામા સ્પેરપાર્ટસ પણ અમદાવાદ સ્થિતિ વર્કશોપમાં મોકલી દેવાની કામગીરી ઉપાડવામાં આવી છે.

સમગ્ર શહેર ગંદકીની જટીલ સમસ્યાથી ઘેરાયેલું છે ત્યારે રહેણાંક અને કોમર્શિયલ વિસ્તાર ઉપરાંત એસ.ટી. ડેપો સહીતના જાહેર સ્થળોએ પણ સફાઈના અભાવે છાશવારે ગંદકીના થર મળી જાય છે. થોડા સમય અગાઉ પણ એસ.ટી. ડેપોની કમ્પાઉન્ડ વોલને અડીને ઉકરડો અસ્તિત્વમાં આવ્યો હતો. જેને લઈ ડેપો તંત્રએ સફાઈ ઝૂંબેશ હાથ ધરી હતી. સામાન્ય રીતે દર ડીસેમ્બર મહીનામાં એસ.ટી. ડેપોમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે છે. જેના ભાગરૂપે હાલ છેલ્લા એક સપ્તાહથી ડેપો સંકુલમાં સફાઈ ઝૂંબેશ ચાલી રહી છે. ડેપોના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર ડેપો સંકુલને કચરામુક્ત કરવા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં કચરાના નિકાલની સાથે જૂનો વેસ્ટેજ અને સ્પેરપાર્ટસનો પણ નિકાલ કરવામાં આવી રહ્યો છે. બિન જરૂરી સામાન એસ.ટી.ના વર્કશોપમાં મોકલી દેવાશે. આ ઉપરાંત બગીચાની સફાઈ તેમજ ડેપો સંકુલમાં સ્થિત વૃક્ષોની ડાળીઓ અમને નડતરરૂપ ન થાય તે માટે ટ્રીમીંગ કરવામાં આવી રહ્યું છે. આગામી તા. ૨૦ ડિસેમ્બર સુધી સ્વચ્છતા ઝુંબેશનું કામ ચાલશે.

# માર્ગ અને મકાન વિભાગ સામે શિક્ષણ વિભાગનો ૧૦૨ રને વિજય

ગાંધીનગર, તા. ૧૦

આંતર વિભાગીય સચિવાલય ક્રિકેટ ટુર્નામેન્ટ ચાલી રહી છે. ત્યારે તા. ૬ ડિસેમ્બરના રોજ શિક્ષણ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગ વચ્ચે મેચ રમાઈ હતી. જેમાં શિક્ષણ વિભાગનો ૧૦૨ રનથી વિજય થયો હતો.

આંતર વિભાગીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં શિક્ષણ વિભાગે ૩૦ ઓવરમાં ૨૧૯ રન બનાવ્યા હતા. જેમાં મહિપતસિંહ ડોડિયાના ૪૪ બોલમાં ૫૬ રન, ઈમ્તીયાઝ ભગતના ૩૧ બોલમાં ૪૧ રન અને દિલીપ નાયીના ૩૩ રન મુખ્ય હતા. જ્યારે બોલીંગમાં કનુ પટેલે-૪, નીતેશ પારેખે-૨ અને ઈમ્તિયાઝ ભગતે-૧ વિકેટ ઝડપી હતી. આ મેચમાં મેન ઓફ ધ મેચનો ખિતાબ મહિપતસિંહ ડોડિયાને આપવામાં આવ્યો હતો.

# દત્તજયંતિ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૦

શહેરના સે-૨૮માં આવેલ પ્રસિદ્ધ દત્તમંદિર ખાતે દત્ત જયંતિ મહોત્સવ નિમિત્તે અનેક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

રંગ અવધૂત પરિવાર દ્વારા દત્તમંદિર ખાતે તા. ૧૬ ડિસેમ્બરના રોજ સવારે ૮-૦૦ કલાકથી સાંજે ૪-૦૦ કલાક દરમિયાન દત્તબાવની પાઠ કરવામાં આવશે. જયારે ૪ થી ૭ કલાકે ગણેશ પૂજન, ૫ થી ૬.૩૦ દરમિયાન અશ્વિનભાઈ કાપડિયાનું પ્રવચન તેમજ સાંજે ૬.૩૦થી ૮-૦૦ કલાક દરમિયાન દત્ત ભગવાનના જન્મ નિમિત્તે પૂજન અર્ચન, ભજન અને પાલખી પરિક્રમા કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે નગરજનોને દત્ત ભગવાનના આશીર્વાદનો લાભ લેવા જણાવાયું છે. તેમજ તા. ૫ જાન્યુઆરીના રોજ દત્તમંદિરથી નારેશ્વરના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસમાં જોડાવા ઈચ્છતા પ્રવાસીઓએ તા. ૩૦ ડિસેમ્બર સુધી શૈલેષભાઈ પાઠકનો સંપર્ક કરવા જણાવ્યું છે.

# કોંગ્રેસ પેન્શનર્સ સેલ દ્વારા પેન્શનર્સના પ્રશ્નોને વાચા આપવાનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત અને ગુજરાતના કેન્દ્ર સરકારના તમામ પેન્શનર્સનું સમ્મેલન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પેન્શનર્સ સેલ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અર્જુનભાઈ મોઢવાડિયાની ઉપસ્થિતિમાં તા. ૧૩ ડિસેમ્બર શુક્રવાર બપોરે ૩ થી ૬ કલાકે રાજીવ ગાંધી ભવન અમદાવાદ ખાતે યોજવામાં આવશે. જેમાં પેન્શનર્સ સમાજના પ્રશ્નોને વાચા આપવામાં આવશે. તેમ ગાંધીનગર પેન્શનર્સ સેલના પ્રમુખ નરસિંહભાઈ પરમારે જણાવ્યું છે.

# દલિત સેનાનો સંકલ્પ સંમેલન

મહેસાણા જિલ્લા દલિત સેનાનું સંકલ્પ સંમેલન તા. ૧૪ ડિસેમ્બર, શનિવારે બપોરે ૨.૦૦ કલાકે ડૉ. આંબેડકર ભવન, નગરપાલિકા રોડ મહેસાણા ખાતે યોજવામાં આવશે. કાર્યક્રમનું ઉદઘાટન દલિત સેના રાષ્ટ્રિય અધ્યક્ષ સુર્યમણી ભીગવડજીના હસ્તે કરવામાં આવશે. કાર્યક્રમમાં દલિત સેનાના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# કુડાસણ ખાતે ફલેટના મકાનમાં ઘુસીને બબ્બે લેપટોપની ચોરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ ગામમાં સ્થિત વૃન્દાવન એપાર્ટમેન્ટ મકાન નં. ૨૦૧માં રહેતા આનંદપ્રતાપ વિજયપાલ સિંગના ખુલ્લા મકાનમાં ઘુસીને કોઈ શખ્સ ૧ થી ૭ વચ્ચેના સમયગાળા દરમિયાનમાં બબ્બે લેપટોપની ચોરી કરી સરકી ગયું છે. મકાનમાંથી સોની કંપનીના રૂ. ૩૫ હજારની કિંમતનાં બે લેપટોપ ઉઠાવી જનાર અજાણ્યા શખ્સો સામે મકાન માલિકે સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. આર.એન.ચૌહાણે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૬.૧૨

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૪૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
ધ હંગર ગેમઃ કેચિંગ ફેરી (હિન્દી) : ૯.૪૦, ૩.૪૦, ૯.૪૦
કલબ-૬૦ : ૧૨.૪૦
હેપ્પી ફેમીલીયા પ્રા.લિ. : ૬.૪૦
: સ્ક્રીન-૨ :
આર. રાજકુમાર : ૯.૫૫, ૧૨.૫૫, ૩.૫૫, ૬.૫૫, ૯.૫૫
: સ્ક્રીન-૩ :
આર. રાજકુમાર : ૯.૧૦, ૧૨.૧૦, ૩.૧૦, ૬.૧૦, ૯.૧૦
: સ્ક્રીન-૪ :
આર. રાજકુમાર : ૧૦.૪૦, ૧૦.૪૦
રામલીલા : ૧.૪૦, ૭.૪૦
બુલેટ રાજા : ૪.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
આર. રાજકુમાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
બુલેટ રાજા : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
રામલીલા : ૪.૦૦

### સૂર્યા, વાવોલ

આર. રાજકુમાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મારા રાજ ઠાકોરની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
બૂલેટ રાજા : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ, કલોલગ, કલોલ

ઠાકોરની લોહીભીની ચૂંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- ઈન્ડિયન ઑઈલ કૉર્પોરેશન દ્વારા સવારે ૯.૦૦ કલાકે વ્યવસાયલક્ષી કાર્યક્રમ.

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ.

**કન્યા** : શુભ મંગળ કાર્યોનો યોગ. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો. ધર્મ, આધ્યાત્મ પ્રત્યે આસ્થા વધશે.

**મીન** : આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. અમરતબેન ડાહ્યાજી ઠાકોર (ઉ.વ. ૩૬) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કમળાબેન મનુભાઈ ચાવડા (ઉ.વ. ૬૨) પ્લોટ નં. ૧૬૭૧/૧, સેકટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. ભુપાજી ઝુંજાજી ભીલ (ઉ.વ. ૭૦)ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. રૂપાબેન દિલીપજી વાઘેલા (ઉ.વ. ૩૪) મુ.પો. બોરીજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. હોતાજી મોહનજી ઠાકોર (ઉ.વ. ૩૬) મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.